


**February 2023 | Issue No. 39 | A monthly newsletter**

# Roshni

**Reaching Out to Serve Humanity with New Initiatives**

PRABHAT
EDUCATION FOUNDATION

## અમારા વિશે

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સંસ્થા કે જે 2003થી અમદાવાદના વંચિત વર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો / વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે. સંસ્થા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો અને પુખ્તવયના લોકોના માનસિક અને શારીરિક પડકારોમાં મદદ કરે છે. સંસ્થા ૩ પ્રોગ્રામ દ્વારા કાર્ય કરે છે. - પ્રભાત સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકસી દ્વારા નેટવર્કીંગ

પ્રભાત એક બાળક સાથે પહેલા કામ શરુ કર્યું હતું અને આજે તેનો વિકાસ અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો, પાડોશીઓ અને સમુદાયોને સ્પર્શે છે.



દરેક સ્તરે પહેલ, બંધ દરવાજા ખોલે














## બાળકની આસપાસનાં ઇકોસીસ્ટમનાં દરેક પરિબળો પોતાની ભૂમિકા પ્રત્યે સંવેદનશીલ બનશે ત્યારે ચોક્કસ બદલાવાની શરૂઆત થશે...

હકારાત્મક પરિણામની અપેક્ષા સાથે જયારે કોઇ પહેલ કરવામાં આવે અને તે વાતને પુષ્ટિ કરતુ પરિણામ મળવાની શરૂઆત પણ થાય તો એનો હરખ બહુ હોય છે. એવો જ હરખ અહી કાંકરિયા શાળા નંબર -8 નાં સ્પેશીયલ નીડ ધરાવતા બંને જોડિયા ભાઇઓ જય અને જીગ્નેશ માટે આજે થઇ રહ્યું છે.

સ્પેશીયલ નીડ ધરાવતા બાળકોનું મુખ્ય પ્રવાહની શાળામાં સમાવેશ થાય અને એ સમગ્ર ઇકોસીસીસ્ટમમાં સંવેદના ઉભી કરવાના ઉદેશ્યથી પ્રભાત દ્વારા જાન્યુઆરી મહિનાથી જ કાંકરિયા શાળા નંબર -8 માં સ્પેશીયલ નીડ ધરાવતા બાળકો માટે રિસોર્સ રૂમની વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં તેમના માટે પ્રાથમિક શિક્ષણ અને ફીઝીયો થેરાપીની વ્યવસ્થા ઉપલબ્ધ કરવમાં આવી છે.

પ્રિન્સીપાલ સાથે વાત કરતા ધોરણ 8માં અભ્યાસ કરતા જય અને જીગ્નેશ વિષે માહિતી મળી. તેઓ 16 વર્ષ જોડિયા બાળકો છે. અને mental retardation અને hyperactive છે. તેથી જ તેઓ શાળાએ આવતા પણ કલાસ રૂમ માં બેસતા નહિ. બહાર મેદાનમાં જ રમે. બીજા બાળકો સાથે પણ એમને રમવાનું ન ગમે. કોઈની સાથે વાત ચીત નહિ. સંવાદ નહિ. મસ્તી નહિ. તેમને વસ્તુઓને છૂટી ફેંકવાની આદત પડી ગઈ હતી. ક્લાસમાં બેસે તો તોડફોડ કરીને વસ્તુઓ પણ ફેંકી દેતા, આ જ સ્થિતિમાં તેમના વર્ષો પસાર થઇ ગયા છે. બસ, તેમની માહિતી મળતા જ તેમના માટે સાયકોલોજીકલ એસેસમેન્ટ કરવાનું નક્કી કરવામાં આવ્યું. તેઓ આઇ કોન્ટેક્ટ નથી કરતા, આ સાથે જ તેમના ઘેર જઇ ને ટીમ દ્વારા માતા પિતાનું કાઉન્સેલીંગ કરવામાં આવ્યું. તેમને પિતા હવે દરેક બાબતથી ટીમ પરિચિત હતી. અને તેથી જ પ્રોગેસ માટે આયોજન કરવામાં આવ્યું.

સૌ પ્રથમ શિક્ષક અને માતા પિતા ને કહેવામાં આવ્યું કે, બંને રિસોર્સ રૂમ માં જ બેસાડવામાં આવે. જેથી તેમને સ્પેશીયલ એજ્યુકેશનની સાથે થેરાપી પણ આપી શકાય. અહી તેની સાથે વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવી. પ્રથમ તો બાળકો બંને એક જગ્યાએ બેસે તે જ પ્રાથમિકતા હતી. કારણ કે, તેમને ક્લાસમાં બેસવું જ પસંદ ન હતું. તેથી તેમના માટે એવી પ્રવૃતિઓ કરવામાં આવી જેમાં તેમને બેસવાનું મન થાય. માતા સાથે વાત કરી એમને પસંદ- નાપસંદ ને જાણવામાં આવી હતી. જેના આધારે તેની સાથે પ્રવૃતિઓ કરી શકાય.

તેમની સાથે ફ્લેશકાર્ડ એક્ટીવીટી, પિક્ચર રીડીંગ, પ્રી રાઈટીંગ સ્કીલ, અંકો જોઇને લખવા , ક્રેયોન વડે ચિત્રમાં રંગ પુરવા, સેન્સર થેરાપી , સ્પીચ થેરાપી, ગ્રુપ એક્ટીવીટી , આઉટીંગ માં ગાર્ડન એરિયામાં પ્રવૃત્તિ, મેડીટેશન વગેરે એની સાથે કરવામાં આવી રહ્યું છે. જેનું પરિણામ પણ ટીમે નોંધ્યું, જ્યાં પાંચ મિનીટ પણ ન બેસી રહેતા બંને ભાઇઓ હવે પ્રવૃત્તિ કરતા કરતા બેએક કલાક જેટલો સમય એક જ જગ્યાએ બેસે છે. સાથે બીજા બાળકો સાથે વાત પણ કરતા થયા છે. શિક્ષક જે સુચના આપે છે તેને તે ફોલો પણ કરે છે. અન્ય બાળકો સાથે સંવાદ કરવાની શરૂઆત કરી દીધી છે. આપણે તેમને વર્ગમાં નાના બાળકો ને કાર્ય કરાવવા માં મદદ કરતા જોઇ શકીએ છીએ.

બંને ભાઇઓમાં આવેલ પરિવર્તન જોઇને માતા પિતા ખુબ ખુશ છે. શિક્ષક પણ આશ્ચર્ય પામ્યા કે ટૂંક સમયમાં જ બાળકો માં આવેલ પરિવર્તન પ્રસંસનીય છે. પ્રભાતની ટીમનાં સભ્ય કહે છે કે, જે પરિણામ ની અપેક્ષા હતી તે મળતા સંતોષ નો અનુભવ થયો છે. આ સાથે ચોક્કસ બંને બાળકો સાથે અનેક કાર્ય કરવાનું બાકી છે પણ જે થઇ રહ્યું છે તે એક યોગ્ય દિશામાં થઇ રહ્યું છે અને સાથે શાળા અને પરિવાર બંને નો સહકારથી ટીમ અપેક્ષિત પરિણામ લાવી શકી. આમ, આ ત્રિવેણી સંગમ થી જ આપણે સ્પેશીયલ નીડ ધરાવતા બાળકોને મુખ્ય પ્રવાહની શાળામાં સમાવિષ્ટ કરી શકીશું. અને એક સમાવેશી સમાજનાં નિર્માણમાં પોતાની ભૂમિકા ભજવવાનો ગર્વ લઇ શકીશું.

**તૈયાર કરનાર : સેજલ આનંદ**

# મંથલી અપડેટ

## કાંકરિયા શાળા નંબર 8 નું ઉદઘાટન :

ગયા મહીને કાંકરિયા શાળા નંબર–8 નું જે રિસોર્સ સેન્ટરની શરૂઆત કરવામાં આવી હતી. જેનું ઔપચારિક ઉદઘાટન તારીખ 8 ફેબ્રુઆરી 2023 નાં રોજ કરવામાં આવેલ. જેમાં મુખ્ય મહેમાન તરીકે ધારાસભ્ય શ્રી અમુલ ભટ્ટ, શ્રી વિપુલ સેવક ( ડેપ્યુટી ચેરમેન , AMC એજ્યુકેશન બોર્ડ), શ્રીમાન હર્ષિત વોરા (GSSB એક્સ ચેરમેન , શ્રી ધર્મેન્દ્ર શાહ (ટ્રેઝરી હેડ ), 2 સ્થાનિક કોર્પોરેટર તથા પ્રભાતનાં ટ્રસ્ટી શ્રી, અશોક ચેટરજી અને શ્રી ગીત શેઠી ઉપસ્થિત રહી ટીમનાં ઉત્સાહમાં વધારો કર્યો હતો. અને માગદર્શન પૂરું પાડ્યું હતું.

આ જ નવીન કાર્યક્રમના દિવસે જ કાંકરિયા શાળાના 1 થી 8 ધોરણ માં અભ્યાસ કરતા 230 બાળકો સ્ટેશનરી કીટ નું વિતરણ કરવમાં આવ્યું હતું. વિદ્યાર્થીઓનાં ચહેરા પણ જોતા સ્મિત ને જોતા લાગ્યું કે, અ ભેંટ ચોક્કસ અભ્યાસમાં એક નવી ઉર્જા અને પ્રોત્સાહન આપનાર બનશે.

## મુખ્ય પ્રવાહની શાળામાં સમાવિષ્ટ કરવાની પહેલનાં અનુભવો :

ધીમા ધીમા ડગલે જયારે પરિવર્તનની શરૂઆત થાય છે ત્યારે એક 'હાશકારો અનુભવાય છે. એવું જ કાંકરિયા શાળા -8 સાથેના સંકલિત રિસોર્સ સેન્ટર સંબંધિત બન્યું. જે ઉદેશ્યથી આ રિસોર્સ સેન્ટર ઉભું કરવામાં આવ્યું હતું એની શરૂઆત થઇ. પહેલે થી શાળામાં આવતા સ્પેશીયલ નીડ ધરાવતા બાળકોની ઓળખ થઇ અને તેમની સાથે સ્પેશીયલ એજ્યુકેશન આપવાની પ્રક્રિયા શરુ થઇ. અને હકારાત્મક બદલાવ જોવા મળ્યું છે. **(નોંધ: આને લઈને જ આજની સ્ટોરી આગળ આપેલ છે.)**

## ઉમદા કાર્ય માટેનો સંતોષ :

Rise Against Hunger – India ભુખમરી વિનાના વિશ્વની કલ્પનાથી પ્રેરિત કાર્ય કરે છે. જરૂરિયાત વાળા લોકો સુધી ભોજન અને જીવન જરૂરી ચીજ વસ્તુઓ પહોચાડવાનું ભગીરથ કાર્ય કરી રહ્યા છે. આજ લક્ષ્ય માં પ્રભાત ને પણ તેમનો ભાગ બનાવાનો અવસર પ્રાપ્ત થયો છે. પ્રભાત જે સમુદાય સાથે કાર્ય કરે છે એ પરિવાર નાં સ્વાસ્થ્ય ની ચિંતા કરતુ હોય છે. એટલે જ સમયાંતર હેલ્થ કેમ્પ, હેલ્થ ચેકઅપ, બાળકો તથા માતા પિતા માટે પણ કરતુ હોય છે. આ સાથે સતત પરિવાર સાથે પોષણક્ષમ આહાર ને લઈને સંવાદ કરવામાં આવે છે અને બાળકને તે આપવા માટે કહેવામાં પણ આવે છે. આ જ વિચાર ને વધારે મજબુત કરવા માટે Rise Against Hunger – India તરફથી ૧૦૦૦૦ પોષકતત્વોથી ભરપુર ચોખા અને દાળ મિક્સિંગ આપવામાં આવ્યું છે. જેને પ્રભાતે જરૂરિયાતમંદ પરિવારો સુધી પહોચાડવામાં આવેલ છે. આ માટે પ્રભાત Rise Against Hunger – India નો હ્રદયપૂર્વક આભાર માને છે.

## પેરેન્ટ્સ મીટીંગ:

સમયાંતર વાલી સાથે સંવાદ કરવામાં આવે છે.. ઘરના સભ્યો અને બાળકનું વાતાવરણ સોહાર્દ પૂર્ણ રહે અને ઘરના સભ્યોનું વલણ બાળકો નાં વિકાસ માં ટેકારૂપ બને નહિ કે નકારાત્મક તે બાબતે તેમની સાથે સંવાદ કરવામાં આવે છે. જેમાં વાલીની સમસ્યાઓને પણ સાંભળી બાળક સાથે કયા પ્રકારનું વર્તન કે એને અનુરૂપ પ્રવૃત્તિ કરવી તેનું માર્ગદશન આપવામાં આવે છે. અહી અનુભવોનું આદાન પ્રદાનની પ્રક્રિયા ઘણી રસપ્રદ રહે છે. જે દરેક માટે શીખવાનું એક માધ્યમ બની રહે છે. આ સાથે હાલ સેન્ટર માં જે ' સેન્સરી રૂમ' તૈયાર કરવામાં આવેલ છે. તેની પણ મુલાકાત વાલીઓને કરાવવામાં આવી. જે તેમને ખુબ આકર્ષક લાગ્યું હતું.

## આઈ ચેકઅપ :

સમયાંતરે બાળકોનું આઈ ચેકઅપ કરવામાં આવતું હોય છે. જેના ભાગરૂપે પ્રાથમિક તપાસ ડો. વૃંદા બહેન દ્વારા કરવામાં આવી હતી. જેમાં તેમણે નોધ્યું હતું કે, દરેક બાળકને વત્તા ઓછા પ્રમાણમાં વિઝનને લઈને મુશ્કેલી નોંધાઇ હતી. તેથી કલીનીકમાં ચેકઅપ કરાવવું પડશે. આ માટે આગળનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બાળકોને નાના નાના જૂથમાં કલીનીક પર લઇ જવામાં આવશે.

## ભાર વગરનાં 'આભાર'ની લાગણી :

પ્રભાત સાથે અનેક શુભચિંતકો એમના જ્ઞાન, અનુભવ અને અનેક રીતે ટેકો કરતા હોય છે. અને તેથી જ પ્રભાત ની સફર તેમના વગર અધુરી છે. તેથી સમયાંતરે પ્રભાત તેમને 'આભાર' ની લાગણી વ્યક્ત કરતુ હોય છે. આ ભાર વગરના દિલ થી ' આભાર ' આ વખતે શ્રી ભુપેન્દ્રભાઈ ત્રિપાઠી માટે છે. તે રીઝર્વ બેંકનાં નિવૃત કર્મચારી છે. સરકારી યોજના નાં સંદર્ભમાં જરૂરિયાત વાળા વ્યક્તિ માટે સહાયક સેવાઓ મળી રહે તે માટે ઘણી વાર બાળકોના બેંકમાં ખાતા ખોલાવવાનો પ્રશ્ન સામે આવતો હતો. સમય અને ઉર્જા બંને જાય એવા પ્રશ્ન ઉકેલ માટે તેમનો સપોર્ટ મળી રહ્યો છે જેને ક્યારેક આભાર માનવું જ જોઈએ. કારણ કે તેના પરિણામે અનેક બાળકોના બેંકમાં ખાતા ખુલી શક્યા અને બાળકોને તેમનો લાભ મળી શક્યું છે

## સહાયક સેવાઓ :

આ મહિનામાં સી.બી.આર. ની ટી દ્વારા 11 સિવિલ સર્ટીફીકેટ, 07 રેલ્વે પાસ ઓનલાઈન ભરવામાં આવ્યા. આ ઉપરાંત, 12 સ્ટેટ ટ્રાન્સપોર્ટેશન માટે ઓનલાઈન ફોર્મ ભરવામાં આવ્યા. અને 7 પેન્શન યોજના માટે ફોર્મ ભરી આપવામાં આવ્યા.

# ફોટો ગેલરી



ગુજરાત સમાચાર

## કાંકરિયામાં દિવ્યાંગ બાળકો માટે રિસોર્સ રૂમ બનાવાયો

કાંકરિયા શાળા નં.૮માં પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા દિવ્યાંગ બાળકો માટે રિસોર્સ રૂમ બનાવવામાં આવ્યો છે. સંસ્થાના ટ્રસ્ટી અને ધારાસભ્ય વગેરેની હાજરીમાં આ રૂમનું લોકાર્પણ કરાયું હતું.














**Prabhat Education Foundation**
325,Iscon Emporio,
Satellite, Ahmedabad,
Gujarat 380015

**Phone:** +91-79-4890-305
**Email:** prabhat@prabhatedu.org
**Website:** www.prabhateducationfoundation.org

PRABHAT EDUCATION FOUNDATION